# સૈનિકો સાથે એક શિક્ષકની મુલાકાત

“ અમને કોઇ મળવા આવે તે અમારું સદ્ભાગ્ય છે.અમને કોઇ મળે તે ખૂબ જ ગમે. આ રણમાં અમે ક્યારે અમારા ભાઇ બહેનોને જોઇ શકીએ?” આ શબ્દો હતા. ભારત-પાકિસ્તાનની બોર્ડર પર રહેલા સૈનિકોના વડાના. અમે ભારત-પાકિસ્તાનની કચ્છ સરહદે આવેલ વિઘાકોટ બોર્ડર જોવા-જાણવા ગયા ત્યારે સૌ પ્રથમ સૈન્યના વડાની રૂમમાં ગયા ત્યારે ઉપરોક્ત શબ્દો સાથે અમારું સ્વાગત કરેલ. ત્યારબાદ ચા-કોફીનું પૂછ્યું. અમારામાં બે વ્યકિંત જ ચા પીતા હતા. તેમના માટે ચા આવી, બાકીના સભ્યોની દબાણપૂર્વકની ના છતાં લીંબું શરબત આવ્યું. એટલું જ નહીં સાથે બિસ્કિટ પણ ખરાં જ. એક બહેને જ્યારે બિસ્કિટ ખાવાની ના પાડી ત્યારે સૈન્યના વડાના શબ્દો હતા… “અરે બહેન. મારી બહેને રાખડી મોકલાવી હતી, પણ આજે મારી સામે મારી બીજી બહેન આવી છે ત્યારે મને ખુશી થાય છે કે હું મારી બહેનને ખવડાવી રહ્યો છું. તમે તો અમારા મહેમાન છો. તમારી સેવા કરવાનો અમને ખૂબ જ આનંદ થશે.” મિત્રો, વિચારો. આ શબ્દો દ્બારા આપણા સૈનિકોની આપણા માટેની લાગણીનો ખ્યાલ આવે છે. આપણામાં એમના માટે કેટલી લાગણી છે? આપણે તેમના માટે શું કરીએ છીએ? અમે ચા-પાણી નાસ્તો કર્યો અને અન્ય તમામ સૈનિકોને મળવાની વાત કરી. તરત જ ફરજ પર ન હતા તે તમામ સૈનિકો આવી ગયા. શિસ્તમાં ઊભા રહ્યા. અમે તેમની શિસ્ત તોડીને કુટુંબ-ભાઇચારાની ભાવનાથી ઊભા રહેવાનું અને મળવાનું જણાવ્યું. ત્યારબાદ તમામ સૈનિકોને મળ્યા, વાતો કરી, તેમના ખબરઅંતર-સમસ્યાઓની પૃચ્છા કરી. સૌ સૈનિકો ભાવવિભોર બની ગયા. જાણે તેમના જ સગા ભાઇ બહેન આવ્યા હોય તેમ અમારી સાથે બોલવા કે વર્તન કરવા લાગ્યા. જાણે વર્ષો પછી તેમના કોઇ સ્વજન આવ્યા હોય. તેમના દિલને ઓળખવાનો મોકો મળ્યો. અમારી આંખો ભીની થઇ ગઇ.રાત્રી રોકાણની ઇચ્છા થઇ, પણ અમારી પાસે એક જ દિવસની પરમિશન હતી.

વાતચિત દરમિયાન તેમને અમને જણાવ્યું કે, તમે દરરોજ સાંજે ઘેર જઇ શકો છો. તમે તમારા ઘરના સભ્ય સાથે સુખદુ:ખની વાત કરી શકો છો. તેમને જોઇ હળી મળી શકો છો. દુ:ખના ભાગીદાર બની શકો છો કે બનાવી શકો છો. પણ અહીં અમારે તો એ બધું જ ભૂલી જવાનું ને ? અમારે રાત્રે સૂઇ જતી વખતે સંતાનો કે પત્નીની હાલતની કલ્પના કરીને સૂઇ જવાનું. તમે દરરોજ તમારા સંતાનો સાથે બેસીને વાતચિત કરીને તેને સંસ્કાર-મૂલ્યોના પાઠ શીખવાડી શકો છો. તમે તમારા સંતાનના અભ્યાસમાં રસ લઇને તેને માર્ગદર્શન આપી શકો છો. તેને કોઇ માર્ગદર્શન જોઇએ તો તમે આંગળી ચિંધી શકો છો. પણ અમે અમારા સંતાન માટે એવું કશું જ કરી શકતા નથી. જેથી અમારા સંતાનો મોટાભાગે અભ્યાસમાં પાછળ પડી જાય છે. તેઓ સારો અભ્યાસ કરી શકવા જરૂરી સક્ષમ બની શકતા નથી. અધૂરામાં પૂરું અમારા પગાર એટલા ટૂંકા છે કે અમે અમારા સંતાન માટે ખાનગી ટયુશન કે અન્ય વ્યવસ્થા ગોઠવી શકતા નથી. જેથી અમારા સંતાનો અમારી જેમ પછાત અને બિચારા બની જાય છે. દોસ્તો. અહીં તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા સાથે તેમની હાલતી લાચારી જાણી શકાય છે.

સૈનિકોએ પોતાની ચિંતા વ્યક્ત કરતાં જણાવેલ કે, ઘરની ચિંતામાં મોંઘવારીની ચિંતા વધુ થાય છે. અમારો પગાર ખૂબ જ ઓછો છે. પગાર વધતો નથી, પણ મોંઘવારી વધતી જાય છે. બાળકો નાના હોવાથી ખેતીકામ કે અન્ય મજૂરી કરી શકતા નથી. ઘરના ભરણપોષણની જવાબદારી અમારા પગાર પર જ છે. અમારો પગાર માંડ અમારું ઘર ચલાવી શકે છે. ત્યાં અમારા કુટુંબના સભ્યોના મોજશોખ કે ભણતર પાછળ ખર્ચ કરવું અમને પોષાતું જ નથી. અમારે પણ છોકરાઓને ભણાવી ગણાવીને તેમનો સારો વિકાસ કરવો છે. પણ મોંઘવારી અને ઓછા પગારને કારણે તેમ કરી શકતા નથી. હા… સરકાર અમારા બાળકોને હોસ્ટેલમાં અભ્યાસ કરવા માટે શિષ્ટયવૃત્તિ આપે છે. જે ચોક્કસ પ્રકારનો અભ્યાસક્રમ હોય તો. પણ બધા

સૈનિકોના બાળકો હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા હોતા નથી. અમારી ગેરહાજરીમાં અમારા બાળકો ઘેર રહેવાનું વધુ પસંદ કરે છે.

આમ જોવા જઇએ તો અમારી નોકરી ૨૪ કલાક ને ૩૬૫ દિવસની. જેના પ્રમાણમાં અમારો પગાર ખૂબ જ ઓછો છે.અન્ય નોકરીઆતના નોકરીના કલાક અને પગાર ગણો. તે પગારને અમારા કામના કલાક અને પગાર સાથે સરખાવો. બીજી બાબત કે અન્ય નોકરીમાં પ્રમોશમ મળે છે. જ્યારે અમારે તો જે નોકરીમાં જોડાયા તેમાં જ રહેવાનું. વર્ષોના અનુભવ પછી પણ હેના હેર છીએ. અમારો પગાર શરૂઆતથી જ ઓછો હોય છે અને પ્રમોશન નહીં. પછી અમારી કે અમારા સંતાનોની આર્થિક સ્થિતિ ક્યાંથી સુધરે? અમારા પ્રશ્નો સરકારે અને સમાજે સહાનુભૂતિ પૂર્વક જાણવા જોઇએ અને ઉકેલવા જોઇએ. તેમાં પણ સમાજે સરકાર પર દબાણ લાવવું જોઇએ.

સૈનિકોની ફરજમાં નક્કી કરેલ જગ્યા પર નક્કી કરેલ સમયે પહોંચી જવાનું અને બાયનોક્યુલર વડે નિરીક્ષણ કરીને વોચ રાખવાની એ જ મુખ્ય કાર્ય છે. સમાજથી દૂર અન્ય પ્રવૃત્તિ કોઇ હોતી નથી. ત્યારે અમે પ્રશ્ન પૂછેલો કે, બધાને એક સરખું જ કામ કરવાનું છે. રૂમ પર હોવ કે પોઇન્ટ પર બીજો કોઇ ફેર પડતો નથી. ત્યારે તમે થોડા વહેલા મોડા જાવ તો પણ ચાલે જ ને ? ત્યારે જવાબ મળેલ કે.. જી ના સાહેબ. અમે અમારી ફરજના સમયે અચૂક પણે હાજર થઇ જઇએ છીએ. અમે એક મિનિટ પણ મોડા પડતા નથી. એ તો અમારી શિસ્તનો ભાગ છે. જો એમ કરીએ તો લશ્કરમાં શિસ્ત જેવું રહે જ નહી. એટલું જ નહીં અમે રૂમમાં સાથે રહેતા હોવા છતાં અમારી વચ્ચે ક્યારેય કોઇ બાબતના મતભેદ પડતા નથી. અમે ભલે ગમે તે પ્રદેશના હોઇએ પણ સગાં ભાઇની જેમ જ રહીએ છીએ. વિચારતાં લાગ્યું કે, તેમની સમસ્યાઓ કે સગવડતાઓ સમાન છે. ઘર, સમાજ અને લોકવસ્તીથી દૂર રહે ત્યારે દરેકને એકબીજાની હૂંફની જરૂર પડતી જ હોય છે.

ઉપરોક્ત હકિકત જાણ્યા પછી તમને પણ ભારત-પાકિસ્તાન કચ્છ પરની વીઘાકોટ બોર્ડર જવા માટે ઇચ્છા થઇ હશે. આ માટે ભૂજથી સૈન્યની પરમિશન અગાઉથી લેવી પડે. જે માટે આપણે જરૂરી દસ્તાવેજ આપવા પડે છે. પરમિશન સરળતાથી મળી જાય છે. ભૂજથી ખાવડા લગભગ ૮૫ કિમી અને ખાવડાથી બોર્ડર પણ એટલા જ અંતરે. ખાવડાથી ઇન્ડિયા બ્રીજ લગભગ સાત-આઠ કિમીદૂર છે. જ્યાંથી આગળ આમ માનવીને વગર પરમિશન જવા દેવામાં આવતા નથી. ઇન્ડિયા બ્રીજથી દસ-બાર કિમી દૂર ધર્મશાલા જે સૈનિકોનો પ્રથમ પડાવ કે હોસ્ટેલ કે ઓફિસ કહીં શકાય. ત્યાંથી ૬૦-૬૫ કિમી દૂર સરહદ પર આવેલ વિઘાકોટ બોર્ડર. જ્યાંથી આપ ભારત-પાકિસ્તાનની બોર્ડ, તારની વાડ, સરહદ નક્કી કરતા પીલ્લર, વોચ પોઇન્ટ વગેરે જોઇ શકો છો. સાથે સૈનિકોની ફરજ અને હાલતને સમજી શકો છો. જેનું સદ્ભાગ્ય મેં શિક્ષક તરીકે માણ્યું. વધુ આવતા શનિવારે આ કોલમમાં જ.